નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પોલીસી/૧૫/ ૦૯
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
વડી કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
તા.૧૯-૦૨-૨૦૧૦.

**:-: પ રિ પ ત્ર :-:**

વિષયઃ- **નિગમના કર્મચારી-અધિકારીઓને નિગમની જુદી જુદી વસાહતોમાં રહેણાંકના પ્લોટ ફાળવવાની નીતિ બાબત.**

સંદર્ભઃ-(૧) પરિપત્ર ક્રમાંક.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/એચએન્ડએ/પીઓએલ/ ૬૫/૨૦૦૪/૨૩ તા.૨૮-૦૯-૨૦૦૪.

(૨) પરિપત્ર ક્રમાંક.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/એચએન્ડએ/પોલિસી/ ૬૫/૨૦૦૪/૧૮ તા.૨૨-૦૬-૨૦૦૭

:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:

નિગમના કર્મચારી-અધિકારીઓને નિગમની જુદી જુદી વસાહતોમાં રહેણાંકના પ્લોટ ફાળવવા બાબતે વખતો વખત જરૂરી સુચનાઓ જારી કરવામાં આવેલ છે. છેલ્લે નિગમની તા.૦૫-૦૮-૨૦૦૪ના રોજ મળેલ ૪૧૭મી સભામાં આ નીતિ બાબતે ફેરવિચારણા કરી ઠરાવ ક્રમાંક.૯૦/વિતરણ/૪૧૭/૨૦૦૪ થી એવું ઠરાવવામાં આવેલ કે સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગના ઠરાવ ક્રમાંક.એલએનડી/૧૦૯૫/મ/૧૯૩/૧૯૨૩/આર/૧ તા.૨૯-૦૩-૨૦૦૧ તથા સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક.જમન/૩૯૦૧/યુઓઆર-૪/અ તા.૦૪-૦૪-૨૦૦૧ ની શરતો અને નિયંત્રણો અનુસાર તથા તેમા વખતો વખત થતા ફેરફાર અનુસાર, નિગમના અધિકારી- કર્મચારીઓને રાહત દરથી રહેણાંકના પ્લોટ ફાળવવાના રહેશે અને તેની શરતો અનુસરવાની રહેશે. નિગમના આ ઠરાવ અન્વયે સંદર્ભદર્શિત તા.૨૮-૦૯-૨૦૦૪ ના પરિપત્રથી સુચનાઓ જારી કરવામાં આવેલ છે. જેની શરત નંબર-૧૮ માં આ બાબતનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગના તા.૨૫-૦૬-૨૦૦૭ ના ઠરાવ ક્રમાંક.એલએનડી/૧૦૯૫/મ/૧૯૩/૧૯૨૩/ભાગ-૩/આર-૧ થી સરકારશ્રીના કર્મચારી-અધિકારીઓને રાહત દરે રહેણાંક પ્લોટ ફાળવવાની નીતિ બાબતે કેટલીક સ્પષ્ટતાઓ કરેલ છે. આ બાબતે વધુમાં સંદર્ભ-૨ તળેના પરિપત્રથી જે કર્મચારી-અધિકારીશ્રીઓ જે સ્થળે ફરજ બજાવતા હોય તે સ્થળે રહેણાંક ઝોનની સુવિધા ન હોય તો નજીકમાં નિગમની વસાહતમાં રહેણાંક ઝોન હોય ત્યાં રહેણાંક પ્લોટની ફાળવણી કરવી. તેવી સુચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે. જે સ્પષ્ટતાંઓને અનુલક્ષીને આથી નિગમના કર્મચારી-અધિકારીઓને રહેણાંક પ્લોટ ફાળવવા અંગેની નીતિ બાબતે નીચે મુજબની સ્પષ્ટતાઓ કરવામાં આવે છે.

(પા છ ળ)

(૧) નિગમના ફરજ બજાવતા જે કર્મચારી–અધિકારીની રહેણાંક પ્લોટ મેળવવા માટેની અરજીઓ પડતરમાં હોય અને ખાતાકીય તપાસના કારણે રહેણાંક પ્લોટની ફાળવણીથી વંચિત રહી ગયેલ હોય, તેવા કર્મચારી–અધિકારીઓને નિગમની તા.૨૮–૦૯–૨૦૦૪ થી પ્રવર્તમાન નીતિ અન્વયે રહેણાંક પ્લોટની ફાળવણી અગ્રતાક્રમાનુસાર પૂર્ણ કરવી.

(૨) અરજી કર્યા બાદ ફરજ મોકુફી ઉપર હોય તો તેવા કિસ્સામા ફરજ મોકુફી એ શિક્ષા નથી, ફરજ મોકુફી ઉપરના કર્મચારી–અધિકારી, નિગમના કર્મચારી–અધિકારી તરીકે ચાલુ હોઈ અને ફરજ બજાવતા કર્મચારી –અધિકારી જો સંદર્ભદર્શિત પરિપત્રની અન્ય તમામ શરતો પરિપૂર્ણ કરતા હોય તો તેઓ રાહત દરે રહેણાંક પ્લોટ મેળવવા પાત્ર ગણાશે.

વધુમાં આમછતાં, જે કર્મચારી–અધિકારીશ્રીઓ નિગમમા ફરજ બજાવતા હોય પરંતુ, ખાતાકીય તપાસ / ફરજ મોકુફીના કારણોસર રહેણાંક પ્લોટની ફાળવણી મેળવવા માટેની અરજી પડતરમાં હોય અને રહેણાંક પ્લોટની ફાળવણી મેળવવાથી વંચિત રહી ગયેલ હોય તેવા તમામ કર્મચારી–અધિકારીશ્રીઓને પરિપત્ર તા.૨૮–૦૯–૨૦૦૪ ની જોગવાઈ મુજબ તેઓને મળવા પાત્ર વિસ્તાર/રાહત સાથે અગ્રતાક્રમે રહેણાંક પ્લોટની ફાળવણી કરવા આ પરિપત્રની તારીખથી નીતિ અમલમા મુકવી. આ ઉપરાંત મળવા પાત્ર ક્ષેત્રફળ કરતાં વધારે ક્ષેત્રફળ ધરાવતા પ્લોટની ફાળવણી કરવી નહી. આ સુચનાનો તમામ વિતરણ અધિકારીશ્રીઓએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે તેમજ શ્રેયાન સ્થપતિશ્રીએ રહેણાંક પ્લોટનું નવું આયોજન કરતા સમયે નિગમના પ્રવર્તમાન નિતી નિયમોની ક્ષેત્રફળને લગતી જોગવાઈઓને ધ્યાને લઈ આયોજન કરવાનું રહેશે.

આ પરિપત્ર મળ્યાની પહોંચ જનરલ મેનેજર (વિતરણ)ને નામજોગ મોકલી આપવી અને કોઈ સ્પષ્ટતા કે મુશ્કેલી જણાય તો જનરલ મેનેજર (વિતરણ)નો સંપર્ક સાધવા આથી સુચના આપવામાં આવે છે.

સહી/–
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ તરફ......

**નકલ રવાના.**

- ઉપ પ્રમુખશ્રી, ઓફીસર્સ એસોસીએશન, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, વડી કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર તરફ જાણ સારૂ.
- જનરલ સેક્રેટરીશ્રી, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, વડી કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર તરફ જાણ સારૂ.

રવાના કર્યુ.
મેનેજર(મહેકમ)